## જન્મદિને વધામણી



**આર સી રાવલ**
મો. ૯૯૦૪૦ ૭૬૪૭૩

## દિલ્હી પબ્લિક સ્કૂલની વિદ્યાર્થીની સ્કૂલ ગેમ્સ માટે તુર્કી જશે



ગાંધીનગર, તા. ૧૭

દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરમાં અભ્યાસ કરતી કુ. દિલપ્રીત કૌરે ભોપાલ ખાતે આયોજિત વર્લ્ડ સ્કૂલ ગેમ માટેના સિલેક્શન ટ્રાયલમાં ભાગ લીધો હતો અને સિલેક્શન મેળવવામાં સફળતા પ્રાપ્ત કરી હતી.

આગામી તા. ૧૧ જુલાઈથી ૧૮ જુલાઈ સુધી તુર્કી ખાતે યોજાનાર વર્લ્ડ સ્કૂલ ગેમ માટે હવે તે ભારતનું પ્રતિનિધિત્વ કરશે. આ સિદ્ધિ બદલ શાળા પરિવારે તેનો અઢળક અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી છે.

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**

**- સંપાદક**

# એસ જી સ્કૂલ ખાતે બર્થ-ડે કેપ ડૅકોરેશનની પ્રવૃત્તિ યોજાઈ



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંલગ્ન એસ જી ઈંગ્લિશ મીડિયમ પ્રાઈમરી સ્કૂલ ખાતે બાળકોમાં સર્જનાત્મક શક્તિઓનો વિકાસ કરવા હેતુ બર્થ-ડે કૅપ ડૅકોરેશન પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૧ થી ૪ના વિદ્યાર્થીઓએ આ પ્રવૃત્તિમાં ઉત્સાહભેર ભાગ લઈ અવનવી રીતે કૅપ સજાવી હતી.

# સરસ્વતી વિદ્યાલય, સૅક્ટર-૬ ખાતે શાળા પ્રવેશોત્સવ યોજવામાં આવ્યો



ગાંધીનગર, તા. ૧૭

સ્વામી વિવેકાનંદ ઍજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સરસ્વતી વિદ્યાલય, સૅક્ટર-૬ ખાતે શાળા પ્રવેશોત્સવ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ પ્રદીપસિંહ બિહોલા, શાળાના ટ્રસ્ટી સુરેશભાઈ પટેલ તેમજ વૉર્ડ નં. ૭ના કોર્પોરેટર હિરલબેન જોષી, ઉર્મિલાબેન વર્મા, રાકેશભાઈ પટેલ અને જયરાજસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનો દ્વારા વિદ્યાર્થીઓને નોટબૂક, ચોપડા અને પૅન-પૅન્સિલ આપીને તેમનો શાળામાં પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. સૌએ બાળકોને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી અને તેમને સારા નાગરિક બનવાની પ્રેરણા આપી હતી. મહેમાનોએ પોતાના વિદ્યાર્થીકાળનાં સ્મરણો પણ વિદ્યાર્થીઓ સમક્ષ વર્ણવ્યાં હતાં.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ઉડતા પંજાબ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ફાઈન્ડિંગ ડોરી (૩ડી, અંગ્રેજી)
૨.૩૦, ૭.૧૫
ફાઈન્ડિંગ ડોરી (૩ડી, હિન્દી)
૫.૦૦, ૯.૩૦

**સ્ક્રીન-૪**
લવ યુ આલિયા
૧૨.૪૫
હાઉસફુલ-૩
૩.૩૦, ૧૦.૦૦
ટીન
૭.૦૦

**સ્ક્રીન-૫**
ઉડતા પંજાબ
૧૦.૦૦. ૨.૦૦. ૫.૦૦
ધનક
૭.૪૫, ૧૦.૦૦

# જે બી પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા. ૧૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંલગ્ન જે બી પ્રાથમિક શાળા ખાતે શાળા પ્રવેશોત્સવની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. 'વિદ્યા અમારી શક્તિ છે, વિદ્યા અમારી ભક્તિ છે, વિદ્યા અમારી સંપત્તિ છે, દરેક બાળકને ભણાવો, આવો... પ્રવેશોત્સવ મનાવો' જેવા નારા સાથે વિદ્યાર્થીઓને કુમકુમનું તિલક કરી શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. દરેક બાળકો વિદ્યાની દેવી મા સરસ્વતીને વંદન કરી શાળામાં પ્રવેશ કર્યો હતો. બાળકોએ આ પ્રસંગે સુંદર વેશભૂષામાં સજ્જ થઈ કાર્યક્રમને અનોખો રંગ આપ્યો હતો અને કાર્યક્રમને દિપાવ્યો હતો. શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ હાઈસ્કૂલના આચાર્ય અર્પિતભાઈ ક્રિશ્ચિયન, શાળાનાં આચાર્ય નીવાબેન પટેલ, સુપરવાઈઝર્સ તથા શાળા પરિવારે વિદ્યાર્થીઓનું ભાવિ તેજસ્વી બને અને તેઓ શાળા તથા પરિવારનું નામ રોશન કરે તેવી શુભેચ્છા સહ આશીર્વાદ પાઠવ્યા હતા.

# ગાંધીનગરમાં ઈસ્કોન દ્વારા સત્સંગ



'ઈસ્કોન' દ્વારા ગાંધીનગરના સૅક્ટર-૧ ખાતે સત્સંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર ઉત્તર વિસ્તારના ધારાસભ્ય અશોકભાઈ પટેલ તથા મહાનગરપાલિકાના મેયર પ્રવીણભાઈ પટેલે ઉપસ્થિત રહી સંતોના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

# આજે અમદાવાદમાં જોબ મેળો

## ૩૦ કંપનીઓ અને ૨,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ સામેલ થશે

અમદાવાદ તા. ૧૬ જૂન, ૨૦૧૬: અમીરાજ કોલેજ ઓફ એન્જીનિયરીંગ એન્ડ ટેકનોલોજી અને ફ્રેશર્સજોબડોટઈન (freshersjob.in) દ્વારા તા. ૧૮ જૂન, ૨૦૧૬ના રોજ અમદાવાદ ખાતે જોબ મેળો યોજાઈ રહ્યો છે.

અમદાવાદ જોબમેળાનું આયોજન ફ્રેશર્સ અને ગ્રેજ્યુએટ માટે મેગા જોબ ફૅર તરીકે કરવામાં આવ્યું છે. એમાં અમદાવાદ શહેર અને ગુજરાતભરમાંથી ૨૦૦૦થી વધુ વિદ્યાર્થી સામેલ થશે. અમદાવાદ જોબમેળામાં ૩૦ થી વધુ કંપનીઓ સામેલ થશે અને તેમના માપદંડો અનુસાર નિમણુંકો માટે ઉમેદવારોને શોર્ટલીસ્ટ કરશે. અમદાવાદ જોબમેળાની ગણના તેના પ્રકારના સૌથી મોટા જોબમેળામાં થશે અને એમાં ફ્રેશર્સ અને ગ્રેજ્યુએટસને નોકરી માટેની વિવિધ તકો પ્રાપ્ત થશે.

આ પ્રસંગે વાત કરતાં અમીરાજ કોલેજ ઓફ એન્જીનિયરીંગ એન્ડ ટેકનોલોજીના મેનેજીંગ ટ્રસ્ટી કિનીશ પટેલે જણાવ્યું હતું કે "અમદાવાદ જોબમેળોએ ફ્રેશ ગ્રેજ્યુએટસની મહત્વાકાંક્ષા સુસંગત રહે તે રીતે ઉદ્યોગની આકરી જરૂરિયાત પૂરી પાડવાનો અમારો પ્રયાસ છે. હાલમાં જોબ માર્કેટમાં આકરી મહેનત અને જરૂરિયાત મુજબ ઉપયોગમાં લઈ શકવાની સુગમતાને કારણે ફ્રેશ ગ્રેજ્યુએટસની માંગ છે. વર્તમાન સમયમાં તે સોફટ સ્કીલ, આઈટી લીટ્રસી અને દુનિયાની ઉત્તમ કાર્યપ્રણાલીથી બહેતર રીતે સુસજ્જ છે. તે વર્તમાન શિક્ષણ પધ્ધતિ અને ઉદ્યોગ અંગે પોતાને સતત અપડેટ (સુસજ્જ) રાખે છે આ કારણે તેમની નોકરીમાટેની પાત્રતા વધે છે. અમદાવાદ જોબ મેળા માટે રજીસ્ટર થયેલા આશરે ૨,૦૦૦ ફ્રેશર્સ પસંદગી માટે વ્યાપક વિવિધતા ધરાવતા પ્રોફાઈલ અને સ્કીલસેટના વિકલ્પો પૂરા પાડશે."

અમીરાજ કોલેજ ઓફ એન્જીનિયરીંગ એન્ડ ટેકનોલોજીના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી પ્રિયાંક પટેલે જણાવ્યું હતું કે "કોર્પોરેટ જગત તેમની વિવિધ જગાઓ ભરવા માટે ફ્રેશ ગ્રેજ્યુએટસને પસંદ કરે છે કારણ કે તે યુવાન છે અને તેમને ખૂબ ઓછા સમયમાં ચોકકસ વર્ક કલ્ચરમાં અથવા તો લાક્ષણિકતા(ર્રિજ)માં આસાનીથી ઢાળી શકાય છે. હાલમાં ફ્રેશ ગ્રેજ્યુએટસને તાલિમ અને નિમણુંક પછી સ્થાપિત થવામાં ખૂબ ઓછા સમયની જરૂરિયાત રહે છે. આથી કંપનીઓને પોતાની જરૂરિયાત મુજબ તેમના કૌશલ્ય અને ક્ષમતાને ધાર આપવાની તક રહે છે. અમીરાજમાં અમારો પ્લેસમેન્ટ સેલ ઉદ્યોગની જરૂરિયાતો સમજવા માટે તેમની સાથે સતત સંપર્કમાં રહે છે અને તેમની તરફથી મળી રહેતો ઈનપુટ અમારા શિક્ષણ અને અભ્યાસક્રમને વધુ સુસંગત બનાવે છે. અમદાવાદ જોબ મેળો કંપની જગત માટે પોતાની જરૂરિયાત મુજબના યોગ્ય ઉમેદવારો શોધવા માટેનું ઉત્તમ સંપર્ક સ્થાન બની રહેશે."

# ધિક તાના ધિક તાના ધિક તાના... ભાભી તુમ ખુશિયોં કા ખજાના...



મહેફિલ
સંજય થોરાત

રાજશ્રી પ્રૉડક્શનની પારિવારીક ફિલ્મોના સુપરહીટ ગીતોના કાર્યક્રમમાં દોસ્તી, મૈંને પ્યાર કિયા, હમ આપકે હૈં કૌન... જેવી ફિલ્મોનાં ગીતોની રસલ્હાણ થઈ : કલાગુર્જરીના કાર્યક્રમમાં તુષાર જોશીની પરિકલ્પના સાથે આનલ વસાવડા-હિમાંશુ ત્રિવેદી-નયન શર્મા-ચિરાગ દેસાઈના કંઠે યાદગાર પ્રેમમય ગીતો ગવાયાં

રાજશ્રી પ્રૉડક્શન - સ્વચ્છ, સુંદર, પારિવારીક, માણસાઈ, પરિશ્રમ, ગીત-સંગીત સાથેની મારી-તમારી વાત કરતી ફિલ્મો બનાવતી બીગ બેનર સંસ્થા.... દોસ્તી, આરતી, ઉપહાર, તપસ્યા, સૌદાગર, અખિયોં કે ઝરોખોં સે, ચિત્તચોર, દુલ્હન વહી જો પિયા મન ભાયે, સારાંશ, નદીયા કે પાર, મૈંને પ્યાર કિયા, હમ આપ કે હૈં કૌન, હમ સાથ સાથ હૈ અને છેલ્લે પ્રેમ રતન ધન પાયો... બધી જ ફિલ્મો એક સે બઢકર એક અને એનું સંગીત એટલે હૈયે વસેલાં અને સદાય ગાવા ગમે એવાં ગીતો...

રંગમંચ સાથે અનોખો નાતો ધરાવતા, મા સરસ્વતીની કૃપા જેમના પર અવિરત છે એવા તુષાર જોષીની પરિકલ્પનાએ રાજશ્રી પ્રૉડક્શનના ગીત-સંગીતનો કાર્યક્રમ ખાસ કલા ગુર્જરી માટે ઘડી કાઢ્યો... સ્ટેજ સંચાલન પણ તુષાર જોષીનું એટલે માત્ર ગીત-સંગીત નહીં પણ રાજશ્રી પ્રૉડક્શનના સંપૂર્ણ ઍનસાય-ક્લોપિડીયા સાથે સજ્જ થઈને તેઓ આવ્યા હતા... કુચામન, રાજસ્થાનના વતની તારાચંદ બરજાત્યાએ ૧૯ વર્ષની ઉંમરે મોતી મહલ થિયેટર જોઈન કરેલું અને ૧૯૪૭માં તો રાજશ્રી પ્રૉડક્શનની પોતાની કંપની ખોલી લીધી... કમલ-રજત-અજિત બરજાત્યા એમના પુત્રો અને સુરજ બરજાત્યા એમના પૌત્ર જેમણે મૈંને પ્યાર કિયા ફિલ્મથી ઈતિહાસ સર્જ્યો... છેક છેલ્લે કાશ્વી હવે રાજશ્રી બેનર માટે ગીતો લખે છે...

ધિક તાના ધિક તાના... સાથે કલાગુર્જરીએ એના અગિયારમા વર્ષનો શુભારંભ કરાવ્યો... ટાઉનહૉલ પૅક કરવા માત્ર ૫૫ સભ્યોની ઘટ છે અને જો કોઈ સભ્ય બનવા તૈયાર હોય તો વેસ્ટર્ન એગ્રી સીડ્સ લોન આપવા તૈયાર છે. આવી હળવી વાત સાથે પ્રમુખ એન પી પટેલે સૌને આવકાર્યા... મંગલ ભવન અમંગલહારી... તુલસીદાસની ચોપાઈ સાથે પારિવારીક કાર્યક્રમ શરૂ થયો...

'તકદીર' ફિલ્મનું લક્ષ્મી-પ્યારેનું રફીએ ગાયેલું ગીત 'જબ જબ બહાર આઈ ઔર ફુલ મુસ્કુરાયે...' સૌદાગર ફિલ્મનું આશા ભોંસલેનું રવિન્દ્ર જૈન દ્વારા સંગીતબદ્ધ અમિતાભ-પદ્માખન્ના અભિનીત ગીત 'સજના હૈ મુજે સજના કે લીયે....' મીનાકુમારી-પ્રદીપની ફિલ્મ આરતીનું રફી-લતા ડ્યુએટ 'બાર બાર તોહે ક્યા સમજાયેં...' પિયા કા ઘર ફિલ્મનું કિશોરકુમારે ગાયેલું 'યે જીવન હૈ, ઈસ જીવન કા યહી હૈ રંગરૂપ...' એકેએક ગીત માટે વાહ કહેવી પડે...

સચિન-રંજીતાની ફિલ્મ માટે હેમલતાનો અવાજ 'અખિયોં કે ઝરોખોં સે...' ગીત પછી એક વાત તો ખાસ નોંધવી પડે કે રાજશ્રી પ્રૉડક્શને દેવાનંદની જેમ જ દરેક ફિલ્મમાં નવા કલાકારોને તક આપવાની પ્રાણલી પાડેલી... સત્યજીત, નમિતા ચંદા, મહેન્દ્ર સાધુ, આશા સચદેવ, પ્રેમ કિશન, રામેશ્વરી, અરૂણ ગોવિલ, મધુ કપૂર, રાજકિરણ, સુષમા વર્મા, તાપસ પોલ, માધુરી દિક્ષીત, સચિન, સંજય ખાન, ભાગ્યશ્રી, સ્વરૂપ દત્ત, વિજયેન્દ્ર ઘાટગે, સુશીલ કુમાર, સુધીર કુમાર... આ નામ વાંચ્યા બાદ મનમાં કદાચ શંકા ઉદ્‌ભવે કે શું રાજશ્રી ફિલ્મના હીરો-હિરોઈન છે ! છતાં જુઓ, આ કલાકારોને અદ્‌ભૂત ગીત-સંગીત મળતાં ફિલ્મો ચાલી ગઈ...

૧૯૯૪ની સાલ એટલે ગાંધીનગર શહેર માટે યાદગાર... ઑક્ટોબર મહિનામાં અક્ષરધામ અને રાજશ્રી સિનેમા બંનેનું ભવ્ય ઉદ્‌ઘાટન થયું. રાજશ્રી થિયેટરમાં પ્રથમ ફિલ્મ આવી 'હમ આપકે હૈં કૌન' અને એણે પ્રથમ ફિલ્મમાં જ આખા થિયેટરનો ખર્ચો કાઢી લીધો... આ વાર્તા પર રાજશ્રીની જ નદિયા કે પાર ફિલ્મ આવી હતી... બે પરિવાર, ત્યાગ, રામાયણની વિચારધારા, લગ્ન-વિવાહ પ્રસંગો.... સલમાન-માધુરીની બીગેસ્ટ બ્લૉક બસ્ટર ઑફ મૉડર્ન એરા તરીકે ડંકો વગાડ્યો...

હમ આપકે હૈં કૌનમાં ૧૬ ગીતો હતાં, આ ફિલ્મ કોઈ લગ્નની વિડીયો કૅસેટ જેવી જ લાગતી હતી, ફિલ્મ રિલીઝ થઈ ત્યારે બે ગીતો ઍડિટ કરાયઆ પછી છે ચૉકલેટ લાઈમ જ્યુસ છ મહિના બાદ ઍડ પણ થયાં... ૧૪માંથી ૧૧ ગીતો લતા મંગેશકરે ગાયેલાં... જય બોરાડેનું નૃત્ય નિર્દેશન હતું... મોહનીશ બહલ, રેણુકા શહાણે, લક્ષ્મીકાન્ત બેર્ડે, આલોક નાથ, રિમા લાગુ, બિંદુ, અજીત વાચ્છાની, સતીષ શાહ, હિમાની શિવપુરી, દિલીપ જોષી (જેઠાલાલ) અને અફલાતુન સંગીત રામ-લક્ષ્મણ (રામ તો ૧૯૭૫માં જ સ્વર્ગે સિધાવી ગયેલા, લક્ષ્મણનું સાચું નામ વિજય પાટીલ)...

આ કાર્યક્રમમાં આ ફિલ્મનાં ચાર ગીતો ગવાયાં ને વખણાયાં... એ ઉપરાંત દોસ્તી, ચિત્તચોર, નદીયા કે પાર, સાવન કો આને દો, જીવન-મૃત્યુનાં ગીતો પણ વખણાયાં...

સંદીપ ક્રિશ્ચિયનના સંગીતમાં પાર્થ ત્રિપાઠી, કમલેશ ડાભી જેવા રિધમિસ્ટ હોય અને સાથે દરેક ગીતમાં ઓતપ્રોત થતી આનલ વસાવડા, દિલથી ગાતી નયના શર્મા, રફીને આત્મસાત કરનાર ચિરાગ દેસાઈ, કિશોરનો વૉઈસ જેની ઓળખ છે એવા હિમાંશુ ત્રિવેદી જેણે આજે એસ પી બાલાસુબ્રમણ્યમ્‌નો આબાદ કંઠ આપ્યો..... એક યશુદાસનો વૉઈસ આપનાર આશુતોષ અપેક્ષામાં થોડા ઉણા ઉતર્યા...

રાજશ્રી પ્રૉડક્શનની થીમ જ જોરદાર હતી... પણ છતાં એમાં મૈંને પ્યાર કિયાની અંતાક્ષરી અને અખીયોં કે ઝરોખોં સેની દોહાવલી રાખી હોત તો 'આઈસિંગ ઑન ધી કેક' બની રહેત... કલાગુર્જરીનો આ કાર્યક્રમ માસ્ટસ્ટ્રોક બન્યો...



## વાચકોને આમંત્રણ

**'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા**

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જૂન માસનો વિષય છે :

**'મારા પ્રેમાળ પાડોશી'**